**ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ**
**બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર**

**ક્રમાંકઃ-સંકલન-ખતપ-૪૨/૨૦૨૩-૨૪/** ૯૫૨ થી ૯૫૬
**તા.૧૬/૦૨/૨૦૨૪**

## જાહેરનામું

## વિષયઃ- પંચાયત સેવા વર્ગ-૩ નાયબ ચીટનીશ ખાતાકીય પરીક્ષા-૨૦૨૩-૨૪

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર દ્વારા જાહેરનામા ક્રમાંકઃ-સંકલન-ખતપ-૪૨/૨૦૨૩-૨૪/૬૭૨૩ થી ૬૭૬૦ તા.૧/૯/૨૦૨૩ થી પંચાયત સેવાના વર્ગ-૩ના કર્મચારીઓની નાયબચીટનીશની ખાતાકીય પરીક્ષા સને ૨૦૨૩-૨૪ યોજવા મંડળ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

૨. આ જાહેરનામાંના ક્રમ નં.૩ માં આ પરીક્ષામાં બેસવાની પાત્રતા માટે લાયકાતની તારીખ ૩૧/૧૦/૨૦૨૩ નિયત કરવામાં આવેલ હતી, જેમાં ફેરફાર કરીને, સદર લાયકાતની તારીખ હવે તા.૧૦/૦૨/૨૦૨૪ રાખવાનું મંડળ દ્વારા ઠરાવવામાં આવેલ છે. જે અનુસંધાને સદર જાહેરનામાના ક્રમ નં.૩ માં નીચેની વિગતે આથી સુધારો કરવામાં આવે છે.

૩. (૩) "આ નાયબચીટનીશ ખાતાકીય પરીક્ષા સને ૨૦૨૨-૨૩માં બેસવા માટેની પાત્રતા તા.૧૦/૦૨/૨૦૨૪ રહેશે." આ માટે જે ઉમેદવારો પરીક્ષામાં બેસવા માંગતા હોય અને અગાઉ અરજી ન કરેલ હોય તેવા ઉમેદવારો તા.૨૨-૨-૨૦૨૪ ના સાંજે ૬.૧૦ કલાક સુધીમાં સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીને નિયત અરજીપત્રકમાં અરજી કરી શકશે. ઉપરોકત તારીખ બાદ કોઇ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

૪. તા.૧૦-૨-૨૦૨૪ સુધીની પાત્રતા ધરાવતા ઉમેદવારો કે જેઓ આ ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા હોય અને નિયત લાયકાત/પાત્રતા ધરાવતા હોય તેવાં પાત્રતા ધરાવતા કર્મચારીઓની નિયત અરજીપત્રકમાં તા.૨૨-૨-૨૦૨૪ સુધીમાં અરજીઓ મેળવી તેની ધનિષ્ટ ચકાસણી કરી જિલ્લા વિકાસ અધિકારીશ્રીના યોગ્યતાના પ્રમાણપત્ર અને સહી સિક્કાવાળી પ્રિન્ટેડ નકલ તથા તેની સોફટકોપી (સી.ડી/પેનડ્રાઇવ), કર્મચારીઓના અસલ અરજીપત્રક યોગ્યતાના પ્રમાણપત્ર સહિત સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને રૂબરૂમાં તા.૨૩-૦૨-૨૦૨૪ ના રોજ બપોરે ૨.૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે.ત્યારબાદ મંડળ ધ્વારા કોઇ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

૫. તા.૧/૯/૨૦૨૩ ના જાહેરનામાની અન્ય શરતો/જોગવાઈઓ યથાવત રહેશે.

૬. ઉપરોકત પરીક્ષાનો કાર્યક્રમ હવે પછી મંડળ ધ્વારા જાહેર કરવામાં આવશે.

"મંડળનાં આદેશાનુસાર"

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માન.અધિક મુખ્ય સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,સચિવાલય ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી-તમામ તરફ જાણ, બહોળી પ્રસિધ્ધિ તથા આગળની યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

(૪) નાયબ સચિવશ્રી,(પંચાયત), પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

''મંડળનાં આદેશાનુસાર''

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ગાંધીનગર

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

<u>નકલ રવાના-જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.</u>

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ), જિલ્લાપંચાયત કચેરી. (તમામ)

(૨) કચેરીના નોટીસ બોર્ડ તરફ પ્રસિધ્ધિ સારૂ.